જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૬/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૯૬૫/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૩૧/૦૫/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૫૦૫	૦	૧૧૫૦૫	૧૭૬૨૪	૦	૧૭૬૨૪
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૮૫	૧	૮૬	૩૦૧	૨	૩૦૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૫૦૮૭૨	૪૦૪	૫૧૨૭૬	૫૧૫૪૯	૩૮૩	૫૧૯૩૨
કુલ		૬૭૧૭૦	૪૦૫	૬૭૫૭૫	૭૫૭૧૭	૩૮૫	૭૬૧૦૨

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૫૬	૨,૦૧,૨૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૨૬૬	૨,૨૬,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

ગાયકવાડ પોલીસ સ્ટેશન

પાસા અટકાયતના આરોપીને પકડી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપતી ગાયકવાડ હવેલી પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "ઇ" ડીવીઝન સાહેબ નાઓ તરફથી વધુમાં વધુ પાસા અટકાયતી પગલા લેવાની સુચના આપતા જે સુચના આધારે "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂધ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એસ.જે.બલોચ ગા.હવેલી પોલીસ સ્ટેશનનાઓએ નીચે જણાવેલ નામ વાળા આરોપી "જાહેર વ્યવસ્થા" વિરૂધ્ધના કૃત્યો કરતો હોય તેના વિરૂધ્ધમાં પુરાવા એકત્ર કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક નં-પીસીબી/ડીટીએન/૩૯૭/૨૦૨૧ તા-૩૧/૦૫/૨૦૨૧ થી પાસા **અટકાયતી શેરબાઝખાન ઉર્ફે ગુલબાજ બાલમખાન પઠાણ ઉ.વ.૨૩ રહે.મ.નં.૨૭ ડી/૪ મ્યુ. લેબર કવાર્ટસ નવી ચાલી પાસે જમાલપુર અમદાવાદ શહેર નાઓને મધ્યસ્થ જેલ રાજકોટ** ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરતા સર્વેલન્સ સ્કવોડના પો.સ.ઇ.વી.એન.શીંગરખીયા તથા સ્ટાફના માણસો નાઓ બાતમી હકિકત આધારે પકડી પાડતા સદરી ઇસમને તા-૩૧/૦૫/૨૦૨૧ રોજ હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે પાસામાં મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપેલ છે. તા-૩૧/૦૫/૨૦૨૧



પાસા અટકાયતીની વિગત

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઈસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઈસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઈ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને રાજકોટ જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

પાસા અટકાયતી :-

રોહીત સન/ઓફ મુકેશભાઈ કાલીદાસ વાઘેલા, ઉ. વ. ૧૮ વર્ષ ૧૧ માસ રહે હનુમાનનગર ચાલી સોનીની ચાલી પાસે, ઓઢવ અમદાવાદ શહેર મુળ ગામ જુલાસણ તા; કલોલ જી ગાંધીનગર.

પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

(૧) ઓઢવ પોસ્ટે ફસ્ટ ગુ ૨ એ/૧૧૧૯૧૦૩૭૨૧૦૪૨૬/૨૦૨૧ ઈ.પી.કો. કલમ-૩૨૪, ૨૯૪(ખ) તથા. જી.પી.એક્ટ કલમ- ૧૩૫(૧) મુજબ (૨) ઓઢવ પોસ્ટે ફસ્ટ ગુ ૨ એ/૧૧૧૯૧૦૩૭૨૧૦૬૨૯/૨૦૨૧ ઈ.પી.કો. કલમ- ૩૯૪ , ૨૯૪(ખ), ૧૮૮,, ૧૧૪ તથા ધ. ડીઝાસ્ટાર મેનેજમેન્ટ. એકટ. સને. ૨૦૦૫. ની. કલમ. ૫૧. (બી). તથા જી. પી. એકટ કલમ૧૩૫(૧) મુજબ

પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં - પીસીબી/ડીટીએન/પાસા/૩૯૫/૨૦૨૧ તા. ૩૧/૦૫/૨૦૨૧ તથા બજવણી તા. ૩૧/૦૫/૨૦૨૧ ના કલાક ૨૧/૦૦ વાગે :- રાજકોટ જેલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો. સ. ઈ શ્રી ડી બી પલાસ તથા અ. હે. કો રાજેશભાઈ રમેશભાઈ બ.નં- ૬૭૭૯ તથા અ. પો. કો જયદીપસિંહ કનુભાઈ બ. નં. ૧૨૯૪૭ તથા અ. પો. કો હરદેવભાઈ અજાભાઈ બ નં ૧૫૩૦



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૯૬૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૬૭ લીટર દેશી દારૂ, ૫૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧૮ બિયર બોટલ અને ટીન ૫૪ કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૭ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૨,૬૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૯૬૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપિંડી- **સમાચાર યાદી નં.૯૬૮/૨૦૨૧**

વસ્ત્રાપુરઃ રાજીવભાઈ મહેંદ્રકુમાર ઠક્કર (ઉ.વ.૫૦) (રહે. સંસ્કૃતિ ફ્લેટ શ્રીરવીશંકર સ્કુલની સામે શીવરંજની સેટેલાઈટ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૫/૨૦૨૧ રાતના ૧/૦૦ વાગ્યાથી આજદીન સુધી આરોપી દેવાંગભાઇ દીલીપભાઇ દવે (રહે. ભાગ્યોદય સોસાયટી લક્ષ્મણ ટેકરી માનસરોવર રોડ પાલનપુર બનાસકાંઠા) એ વસ્ત્રાપુર હીમાલયા મોલની બાજુમા પંજાબ હોન્ડા શો રુમની નજીકથી રાજીવભાઇ ઠક્કર ને TOCILIZUMAB INJECTION વ્યવસ્થા કરી આપવાની વિશ્વાસ આપી TOCILIZUMAB INJECTION ના રૂપિયા ૪૫,૦૦૦ રાજીવભાઇ પાસેથી મેળવી લઇ TOCILIZUMAB INJECTION લાવી નહી આપી તેમજ રૂપિયા ૪૫,૦૦૦ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીન્ડી કરી છે.આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એલ.રબારી ચલાવે છે.

શહેર કોટડાઃ જયેશભાઇ જગદીશભાઇ સોલંકી (ઉ.વ.૨૮) (રહે. પુંજાલાલ પ્રભુદાસની ચાલી ડી-કોલોનીની બાજુમાં નરોડા) એ તા.૩૧/૦૫/૨૦૨૧ નારોજ શહેર કોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવીછે કે તા.૨૪/૧૨/૨૦૨૦ થી તા.૦૬/૦૧/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાનમા પોતાના ઘરે મોબાઇલ નંબર ૮૯૩૮૮૫૯૬૨૩,૯૦૮૪૦૩૪૭૬૫,૭૮૯૫૨૪૧૬૬૫ ના ઉપયોગ કરતા તેમજ ઇ-મેલ આઇ.ડી shinejob.hr@mail.com તથા hdfc.bank.hr@mail.com ના ઉપયોગ કરતા અલગ અલગ વ્યક્તિઓ એ પોતાને નોકરીની લાલચ આપી તમને HDFC બેંકમાં નોકરી મળેલ છે તેમ જણાવી નોકરીની અલગ અલગ પ્રોસીઝરના પૈસા માંગી તે પૈસા નોકરી શરૂ કર્યા બાદ પરત મળી જશે તેમ જણાવી પોતાના બેંક ઓફ બરોડાના એકાઉન્ટમાં કુલ રૂપિયા ૨,૯૩,૮૨૫/- ઓનલાઇન ટ્રાંસફર કરાવી મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીન્ડી કરી છે.આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.બી.ડાભી ચલાવે છે.

શહેર કોટડાઃ શ્યામભાઇ ભોલાભાઇ મીશ્રા (ઉ.વ.૪૧) (રહે. ભાવસારનો ખાંચો ખત્રીવાડ જુની પોસ્ટ ઓફિસની બાજુમાં સરસપુર) એ તા.૩૧/૦૫/૨૦૨૧ નારોજ શહેર કોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૧/૨૦૨૧ નાકલાક ૧૦/૩૦ થી તા.૧૮/૦૧/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાનમાં પોતાના ધરેથી મોબાઇલ નંબર ૯૯૫૫૨૦૦૩૦૩,૯૪૩૨૯૨૮૧૮૭,૭૮૭૦૦૮૭૪૦૬,૮૬૦૩૦૬૪૬૧૧ ના ઉપયોગ કરતા અલગ અલગ વ્યક્તિઓએ પોતાના દીકરાના ફોનમાં ફોન કરી પોતાને ટાટા સફારી ફોર વ્હિલ ગાડી લક્કી ડ્રોમાં ઇનામમાં લાગેલાનું જણાવી ગાડી મેળવવાની અલગ અલગ પ્રોસીઝરના પૈસા માંગી તે પૈસા પાછળથી પરત મળી જશે તેમ જણાવી કુલ રૂપિયા ૩,૨૭,૩૯૬/- ઓનલાઇન ટ્રાંસફર કરાવી મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.જે.રાજપુત ચલાવે છે.

કૃષ્ણનગરઃ રોહિત દિનેશભાઇ મુંગલપરા (ઉ.વ.૨૩) (રહે. બજરંગ એપાર્ટમેન્ટ ધામીના કારખાના પાછળ આશારામ આશ્રમ પાસે ઠક્કરનગર) એ તા.૩૧/૦૫/૨૦૨૧ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૪/૨૦૨૧ બપોરના કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે કૃષ્ણનગર ખાતે આવેલ વિવાન મેડીટેક પ્રોપરાઇઝરશીપમાં પોતે આરોપી (૧) મોનાબેન જેના પુરા નામ-સરનામાની ખબર નથી મોબાઇલ નંબર ૯૨૬૫૧૫૮૩૨૦ તથા આરોપી (૨)જયવીનભાઈ (રહે. રાજકોટ જેના પુરા નામ-સરનામા ની ખબર નથી) તેઓની પાસેથી ૧૫૦૦ નંગ ઓકસીમીટર માટે ઓડર કરેલ અને આ માલનું બીલ મંગાવેલ જે બીલમાં આપેલ જી.એસ.ટી બીલનો નંબર ચેક કરતા ખોટુ બતાવેલ જેથી પોતે આ બાબતે તેમણે જણાવેલ ત્યારે તેમણે કહેલ કે ભૂલથી બીલમાં ખોટો નંબર આવી ગયેલ છે તથા નાણા ટ્રાન્સફર કરવા જતા એરર આવેલ જેથી પોતે તેમણે આંગડિયુ કરાવવાનું કહેલ.અને આરોપી જયવીનભાઈએ જણાવેલ કે બેસ્ટ એન્ટર પ્રાઇઝ આંગડિયા દ્વારા રૈયા રોડ રાજકોટ ખાતે મોકલી આપો જેથી રોહિત મુંગલપરાએ તા.૦૮/૦૪/૨૧ ના રોજ રૂપિયા ૨,૭૦,૦૦૦/- મોકલી આપેલ હોવા છતા માલ આવેલ નહી અને જી.એસ.ટી આધારે ગુગલ પર સર્ચ કરી આશાપુરા એન્ટરપ્રાઈઝ ખાતે જઈ તપાસ કરતા દુકાનમાં ધર્મેન્દ્રસિહ જાડેજા નાઓને આરોપી જયવીનભાઈ બાબતે પુછતા તેઓએ જણાવેલ કે મારા જી.એસ.ટી. નંબરનો દુરઉપયોગ કરી વેપારીઓ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.પટેલ ચલાવેછે .

ચોરીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૯૬૯/૨૦૨૧**

કારંજઃ નિરવકુમાર દિનેશચંન્દ્ર શાહ (ઉ.વ-૪૫) (રહે.નિરમલ સોસાયટી ભાડવાતનગર કેનાલ સામે સુર્યનગર પોલીસ ચોકી પાસે મણીનગર) એ તા.૩૧/૦૫/૨૦૨૧ નારોજ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા-૧૭/૦૩/૨૦૨૧ સાજના ૪/૩૦ થી ૫/૩૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન પોતાના કારીગર જયદીપ ચૌહાણએ ધી કાંટા કર્ણાવતી પ્લેટીનમ કોમ્પલેક્ષની સામે આવેલ નગરશેઠના વંડાના ગેટ નજીક પોતાનુ એક્ટીવા કિમત રૂપિયા ૪૩,૦૭૨ નુ પાર્ક કરેલ જે કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે આ ગુનાની તપાસ હે.કો.શ્રી બાબુભાઈ હોથાભાઈ ચલાવે છે.

શેડ પરથીપડીજતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૯૭૦/૨૦૨૧**

નારોલ : હસમુખભાઇ કનુભાઇ ચુનારા (ઉ.વ.૩૫) (રહે.ચુનારાવાસ, મોટી દરગાહની પાસે, વટવા ગામ, વટવા) તા.૩૧/૦૫/૨૦૨૧ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે નારોલ પીપળજ ગામ ખાતે આવેલ “બ્લ્યુ બ્લેન્ડ” કંપનીમા પતરાના શેડનુ કામ કરતા હતા ત્યારે શેડના પતરા પરથી નીચે પડી જતા માથામા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે ૧૦૮ વાન આવતા ૧૦૮ ના કર્મચારીએ હસમુખભાઇને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મોહનસિંહ સવસિંહ ચલાવે છે.

આત્મહત્યા :- **સમાચાર યાદી નં.૯૭૧/૨૦૨૧**

નારોલ : હિતેશભાઇ પરસોતમભાઇ પરમાર (ઉ.વ.૨૬)(રહે.ભારતનગર નારોલ કોર્ટની પાછળ, નારોલ) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૫/૨૦૨૧ સવારના ૯/૨૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરના ઉપરના માળે સિમેંટના પતરાવાળી રૂમમા પંખા સાથે ચાદર બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગેલાભાઇ ભોપાભાઇ ચલાવે છે.

અમરાઇવાડી : ગોપાલભાઇ હીરાલાલ ચૌધરી (ઉ.વ.૨૫) (રહે,રબારી કોલોની ગેટ નં.૫ મંગલદિપ પાર્ટી પ્લોટ સામે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૫/૨૦૨૧ બપોરના ૧૨/૦૦ થી ૪/૦૦ વાગ્યા દરમ્યાન ભાડાના ઘરમાં પોતાની જાતે કોઇ ઝેરી પદાર્થ પી લઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગેલાભાઇ ભોપાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી